જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલીફોન નંબર ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૦૬/૧૧/૨૦૧૬ રવિવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## નશાબંધી અને જુગારધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૨૦૩૯/૧૬

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૮ કેસ કરી, ૩૧ વ્યક્તિઓને ઝડપી ૧૮૦ લીટર દેશી દારૂ, ૨૦ બોટલ ઈંગ્લીશ દારૂ, ૧૦૭૮ બિયર ટીન અને ૧ મોટર સાયકલ કબજે કર્યુ હતુ. તેમજ જુગારધારા હેઠળ ૨ કેસ કરી ૯ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૬૫,૭૬૦/- અને જુગારનાં સાધનો કબજે કર્યા હતા.

## તકેદારીના પગલાં હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૨૦૪૦/૧૬

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલાં હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૮૫ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૨ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૧ વ્યક્તિની અટકાયત કરી હતી.

## ખુનની કોશિશની ફરીયાદઃ- સમાચાર યાદી નં.૨૦૪૧/૧૬

**વેજલપુરઃ** શહેરયાર અકીલભાઇ મહેંદી (રહે. મુબારક સોસાયટી રોયલ અકબર ટાવર પાછળ જુહાપુરા) એ વેજલપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૫/૧૧/૧૬ બપોરના ૧/૩૦ વાગ્યાના સુમારે જુહાપુરા વિશાલા સર્કલ પાસે હેવમોર પાર્લર નજીક આરોપી (૧) ઇરફાન ઉર્ફે ડીંગો (રહે. ગુડલક પાર્લર બાજુમાં બરફની ફેકટરી બાજુમાં જુહાપુરા) અને (૨) શરીફ ઉર્ફે કાળીયો (રહે.હરીપાલી સોસાયટી જુહાપુરા) એ ભેગા મળી કોઈ કારણસર શહેરયાર મહેંદીના માથામાં છરા વડે જીવલેણ હુમલો કરી ગંભીર ઇજા કરી જાનથી મારી નાખવાની કોશિશ કરી હતી. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી એ.વી.પટેલ ચલાવે છે.

## અપહરણઃ- સમાચાર યાદી નં.૨૦૪૨/૧૬

**કાલુપુરઃ** ગુલફશાબાનુ નસીરમોહંમદ બેલીમ (ઉ.વ.૧૬) (રહે. મદનીનગર જનતાનગરની બાજુમાં રામોલ) તા.૪/૧૧/૧૬ કલાક ૧/૦૦ વાગ્યાના સુમારે ઘર નજીક રહેતો આરોપી જુનેદ મુન્નાભાઈ સારંગપુર હાજીના ડહેલાવાળા મકાન નજીકથી લલચાવી ફોસલાવી જારકર્મ કરવાના ઈરાદે ભગાડી લઈ ગયો છે. આ અંગેની ફરીયાદ ગુલફશાબાનુની માતા ખુરશીદબાનુ બેલીમે કાલુપુર પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ ઇન્ચાર્જ પો.ઇ.શ્રી એસ.એમ.ચૌધરી ચલાવે છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

**ઘરફોડઃ-** **સમાચાર યાદી નં.૨૦૪૩/૧૬**

**સરખેજઃ** અહેસાનકરીમ અબ્દુલકરીમ મિસ્ત્રી (રહે. અલ અસબાબ પાર્ક હેદરી ફ્લેટની બાજુમા મકરબારોડ સરખેજ) એ સરખેજ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૫/૧૧/૨૦૧૬ સાંજના ૬/૦૦ થી રાતના ૧૧/૦૦ વાગ્યા દરમ્યાન પોતાના મકાનના દરવાજાનો નકુચો તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી સોના-ચાંદીના દાગીના, મોબાઈલ ફોન અને રોકડ રૂપિયા મળી કુલ રૂપિયા ૨,૦૧,૫૦૦/- મત્તાની ચોરી કરી લઇ ગઈ છે. આ ગુનાની તપાસ ઈન્ચાર્જ પો.સ.ઈ.શ્રી એચ.બી.ધાધલ્યા ચલાવે છે.

**ચોરીઃ-** **સમાચાર યાદી નં.૨૦૪૪/૧૬**

**સરદારનગરઃ** મમતબહેન અશોકકુમાર ગુરનાણી (રહે,જી વોર્ડ કુબેરનગર) એ તા.૫/૧૧/૧૬ નારોજ સરદારનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૩૦/૧૦/૧૬ રાતના ૧૧/૦૦ વાગ્યા પહેલા પોતાના ઘરમાં પ્રવેશ કરી અજાણી વ્યક્તિ ઘરમાંથી સોનાનાં દાગીના કિમત રૂપિયા ૭૦,૩૦૦/- મતાની ચોરી કરી લઇ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી પી જે ખરસાણ ચલાવે છે.

**સોનાની ચેઈન ખેચી તોડી લઈ ગયાઃ-** **સમાચાર યાદી નં.૨૦૪૫/૧૬**

**સરદારનગરઃ** રાજેશ્વરીબહેન વા\ઓ જયેન્દ્રસિંહ રાઠોડ (ઉ.વ.૩૦) (રહે. ધનશ્યામનગર નોબલનગર) તા.૫/૧૧/૧૬ રાતના ૮/૩૦ વાગ્યાના સુમારે ધનશ્યામનગર બસ સ્ટેંડ પાસે આવેલ ભાજીપાઉંની લારી નજીક ઉભા હતા ત્યારે એક મોટર સાયકલ ઉપર આવેલ બે પુરૂષ રાજેશ્વરીબહેનના ગળામાંથી સોનાની ચેઇન કિમત રૂપિયા ૩૯,૦૦૦/- ખેચી તોડી લઈ નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ રાજેશ્વરીબહેને સરદારનગર પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી વી આર પટેલ ચલાવે છે.

**બાપુનગરઃ** મનીષાબહેન નીમેશભાઇ ખંડેલવાલ (ઉ.વ.૩૬) (રહે. પ્રભુવીર સોસાયટી એસ.બી.આઈ. બેન્ક કોર્નરની પાસે બાપુનગર) તા.૫/૧૧/૧૬ બપોરના ૩/૧૫ વાગ્યાના સુમારે બાપુનગર પ્રભુવીર સોસાયટી નજીકથી પસાર થઈ રહ્યા હતા ત્યારે એક પુરૂષ મનીષાબહેનના ગળામાંથી સોનાની ચેઇન કિમત રૂપિયા ૨૦,૦૦૦/- ખેચી તોડી લઈ નાસી ગયો હતો. આ અંગેની ફરીયાદ મનીષાબહેન ખંડેલવાલે બાપુનગર પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી ડી.ડી.ચૌધરી ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૨૦૪૬/૧૬**

**જીઆઈડીસી વટવાઃ** રાજેશભાઇ પરમશીવમ મુદલીયાર (ઉ.વ.૨૬) (રહે. વિનોબાભાવેનગર વિંઝોલ જીઆઈડીસી વટવા) એ કોઈ કારણસર તા.૩૧/૧૦/૧૬ સાંજના ૬/૫૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે કોઈ ઝેરી દવા પી લીધી હતી. સારવાર માટે એલ જી હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૫/૧૧/૧૬ કલાક ૦૦/૫૦ વાગે તેમનુ મૃત્યુ નિપજયું હતુ. આ અંગે જીઆઈડીસી વટવા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની પો.સ.ઈ.શ્રી એમ એમ ઠાકોર તપાસ ચલાવે છે.

**નાયબ પોલીસ કમિશનર,**
**કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.**
**પોલીસ કમિશનર વતી.**



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)